પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૮૯ | ૩૦ ડીસેમ્બર, ૨૦૨૦, બુધવાર; માગશર સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

દેશમાં નવા સ્ટ્રેનની એન્ટ્રીથી ખળભળાટ

યુકેથી પાછા ફરેલા ૬ લોકોમાં નવા સ્ટ્રેન મળ્યા, તમામને સીંગલ આઇસોલેશનમાં રખાયા : ૨૫ નવેમ્બરથી ૨૩ ડીસેમ્બર વચ્ચે યુકેથી ૩૩૦૦૦ યાત્રી ભારતના અલગ અલગ એરપોર્ટ પર આવ્યા છે, જેમાંથી અત્યાર સુધીમાં ૧૧૪ કોરોના સંક્રમિત જણાયા, સંક્રમિતોમાં ત્રણ બેંગ્લુરુ, ૨ હૈદરાબાદ અને પૂણેની લેબના સેમ્પલમાં સ્ટ્રેન જોવા મળ્યા ઉપરાંત તમામ યાત્રીઓને ટ્રેક કરાયા

ન્યુ દિલ્હી,તા.૨૯

નવા વર્ષના જશ્ન પહેલાં કોરોનાના મોરચા પર ચિંતાના સમાચાર સામે આવ્યા છે. ભારતમાં જેનો ડર હતો આખરે એ થઇ જ ગયું. જી હા ભારતમાં પણ યુકેવાળા કોરોના વાયરસના નવા સ્ટ્રેનની એન્ટ્રી થઇ ગઇ છે. ભારતમાં કોરોના વાયરસના નવા સ્ટ્રેનના કુલ ૬ કેસ મળ્યા છે.

આજે ભારત સરકારની તરફથી આ વાતની માહિતી અપાઇ છે. યુકેથી પાછા આવેલા ૬ લોકોમાં આ નવા સ્ટ્રેન જોવા મળ્યા છે. તેમાંથી ૩ બેંગલુરૂ , ૨ હૈદ્રાબાદ અને એક પૂણેની લેબના સેમ્પલમાં નવા સ્ટ્રેન જોવા મળ્યા.

યુકેથી આવેલા લોકોના જીનોમ સ્કિવેંસિંગ કરાયા હતા, તેનો રિપોર્ટ મંગળવારે રજૂ કરાયો. જેમાં અલગ-અલગ લેબમાં ટેસ્ટ કરાયેલા સેક્શન અંગે જણાવ્યું. આ તમામ લોકોને સિંગલ આઇસોલેશન રૂમમાં રખાયા છે. તેમના સંપર્કમાં આવનારા નજીકના લોકોને પણ ક્વારેન્ટાઇન કરી દેવાયા છે.

આપને જણાવી દઇએ કે ૩૩૦૦૦ પેસેન્જર યુકેથી

● અનુસંધાન પાન-૫ પર

ઉત્તર ભારતમાં ઠંડા પવન ફૂંકાતા લઘુતમ તાપમાન ઘટ્યું છે, જેના પગલે હાલ હાડ થીજવતી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. બીજી તરફ રાજસ્થાનના હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં પણ હાડ થીજવતી ઠંડી પડી રહી છે. માઉન્ટ આબુનું તાપમાન માઈનસ ૪.૦૫ ડિગ્રી નોંધાતા સહેલાણીઓ અને સ્થાનિક લોકો પણ ઠંડીમાં ઠુંઠવાયા હતા.

ઉત્તર ભારતમાં તીવ્ર શીતલહેર

જમ્મુ-કાશ્મીરમાં સફેદ બરફની ચાદર છવાઈ : શીતલહેરની સાથોસાથ જોરદાર ઠંડીનો અનુભવ : હવામાન વિભાગનું અનુમાન છે કે કાશ્મીરની ઘાટીમાં આગામી ૩ દિવસમાં હળવો વરસાદ, બરફ પડી શકે છે

નવી દિલ્હી,તા.૨૯

દેશના ઉત્તરી હિસ્સામાં હાલમાં શીતલહેરની સાથોસાથ જોરદાર ઠંડી પડી રહી છે. આ દરમિયાન જમ્મુ અને કાશ્મીરમાં જોરદાર બરફવર્ષા થઈ રહી છે. આ બરફવર્ષાના કારણે સમગ્ર જમ્મુ-કાશ્મીરમાં સફેદ ચાદર છવાઈ ગઈ છે. ઉલ્લેખનીય છે કે, જમ્મુ-કાશ્મીર અને લદાખમાં ભીષણ ઠંડીના ૪૦ દિવસ એટલે કે ચિલ્લઇ કલાંનો સમય ચાલી રહ્યો છે. જમ્મુ અને કાશ્મીરના રામબનમાં ઘણી બરફવર્ષા થયા બાદ રસ્તાઓ પર બરફથી ઢંકાઈ ગયા છે. કાશ્મીરમાં રવિવારે શીતલહેર વધુ તેજ થઈ ગઈ અને સમગ્ર ઘાટીમાં લઘુત્તમ તાપમાન શૂન્યથી અનેક ડિગ્રી નીચે ગબડી ગયું. હવામાન વિભાગનું અનુમાન છે કે કાશ્મીર ઘાટીમાં આગામી ત્રણ દિવસમાં હળવો વરસાદ અને બરફ પડી શકે છે. હાલમાં કાશ્મીર ચિલ્લઈ કલાંની ચપેટમાં છે. આ દરમિયાન ૪૦ દિવસ સુધી હાડ થીજવતી ઠંડી પડે છે. જમ્મુ-કાશ્મીરના રામબનમાં થયેલી બરફવર્ષા બાદ ઠંડીમાં અનેકગણો વધારો થયો છે. ત્યારે સમગ્ર ભારતની અંદર ઠંડીનો પ્રમાણ વધી ગયું છે. ઘણી જગ્યાએ તો પારો ૧૦થી પણ નીચે પહોંચી ગયો છે. ત્યારે લોકોને ઠંડીનો અનુભવ દિવસે પણ થઈ રહ્યો છે. લોકો દિવસે પણ સ્વેટર પહરીને ફરી રહ્યા છે. ત્યારે હજુ પણ ઠંડીનો ચમકારો રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

છેલ્લે... છેલ્લે...

- બિડનેની ડીજીટલ ટીમમાં મૂળ ભારતીય આઈશા શાહને સ્થાન મળ્યુ.
- આસામમાં કોંગ્રેસમાંથી સસ્પેન્ડ કરાયેલ ધારાસભ્ય રાજદીપ ગોવાલા અને અજંતા નયેલા ભાજપમાં જોડાયા.
- જાણીતા ફિલ્મ સ્ટાર રજનીકાંતે કોઈ રાજકીય પક્ષ નહી સ્થાપવાની જાહેરાત કરી.
- રશિયા બાદ બેલારુસમાં સ્પુતનીક વેક્સીન આપવાની કામગીરી આરંભાઈ.
- કોરોનાના નવા સ્ટ્રેનમાં પણ કોવીડ-૧૯ની વેક્સિન ચાલશે.

કર્ણાટક વિધાન પરિષદના ડેપ્યુટી સ્પીકરે આત્મહત્યા કરી

મૃતદેહ રેલવે ટ્રેક પર મળી આવ્યો : એસએલ ધર્મેગૌડા ૨૮ ડિસેમ્બર સાંજે ૭ વાગે એકલા પોતાની સેન્ટ્રો કારથી ઘરની બહાર નીકળ્યા હતા

બેંગલુરુ,તા.૨૯

કર્ણાટક વિધાન પરિષદના

ડેપ્યુટી સ્પીકર એસએલ ધર્મેગૌડાએ કથિત રીતે આત્મહત્યા કરી લીધી છે. તેમનો મૃતદેહ ચિક્કમંગલુરુના કડૂર પાસે એક રેલવે ટ્રેક પરથી મળી આવ્યો છે. ઘટનાસ્થળેથી એક સ્યૂસાઈડ નોટ પણ મળી આવી છે. રિપોર્ટ મુજબ એસએલ ધર્મેગૌડા સોમવારે (૨૮ ડિસેમ્બર) સાંજે ૭ વાગે એકલા પોતાની સેન્ટ્રો કારથી ઘરની બહાર નીકળ્યા હતા. મોડી રાત સુધી ઘરે પાછા ફર્યા નહીં ત્યારે તેની શોધખોળ શરૂ કરવામાં આવી. મોડેથી તેઓ કડૂરના ગુનસાગરમાં રેલવે ટ્રેક પર મૃત હાલતમાં મળી આવ્યા. પૂર્વ પ્રધાનમંત્રી અને જેડીએસ નેતા એચડી દેવગૌડાએ એસએલ ધર્મેગૌડાના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું કે રાજ્ય વિધાન પરિષદના સભાપતિ અને જેડીએસ નેતા એસએલ

● અનુસંધાન પાન-૫ પર

સાંસદ મનસુખ વસાવાનું પક્ષમાંથી રાજીનામું

સાંસદે પક્ષ પ્રમુખ પાટીલને રાજીનામું મોકલી આપ્યું : મારી ભૂલના કારણે પક્ષને નુકસાન ન પહોંચે એ કારણોસર હું પક્ષમાંથી રાજીનામું આપું છું : ભરુચ સાંસદ વસાવા

ભરૂચ, તા. ૨૯

ભરૂચ ભાજપના સાંસદ મનસુખ વસાવાએ પક્ષમાંથી રાજીનામું આપ્યુ છે. ભાજપ સાંસદ મનસુખ વસાવાએ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલને પત્ર લખી રાજીનામું આપ્યુ છે. ભાજપ પ્રદેશ પ્રમુખ સીઆર પાટિલે આ રાજીનામું સ્વીકાર કર્યુ છે. સાંસદ વસાવાએ તેમના રાજીનામાં અંગે પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલને લખેલો પત્ર પોતે પણ સોશિયલ મીડિયામાં વાઈરલ કર્યો હતો.

મનસુખ વસાવાએ જણાવ્યુ કે ભાજપે મને ઘણુ આપ્યું છે, કેન્દ્રીય નેતાગીરીનો હું આભાર માનું છું. મે પક્ષ માટે વફાદારી રાખી છે, પક્ષના મૂલ્યો જીવનના મૂલ્યો પણ અમલમાં મુક્યા છે. હું એક માનવી છું, મારી જાણે અજાણે કોઇ ભૂલ થઈ હોય, મારી ભૂલના કારણે પક્ષને નુકસાન પહોચે એ કારણોસર હું પક્ષમાંથી રાજીનામું આપુ છું. મનસુખ વસાવાએ વધુમાં કહ્યુ કે, બજેટ સત્ર દરમિયાન લોકસભા સભ્ય પદેથી પણ લોકસભા સ્પીકરને રૂબરૂ મળી રાજુનામુ આપશે.

હજુ થોડા દિવસ પહેલા જ મનસુખ વસાવાએ ગુજરાતમાં લવ જેહાદ વિરુદ્ધ કાયદો

● અનુસંધાન પાન-૫ પર

સિંધુ બોર્ડર પર ખેડૂતોને ફ્રી વાય ફાય આપવા આપની જાહેરાત

નવી દિલ્હી, તા. ૨૯

દિલ્હીની અલગ-અલગ સરહદો પર આંદોલન કરી રહેલા ખેડૂતો માટે દિલ્હીની સત્તાધીશ આમ આદમી પાર્ટીએ મહત્વનું એલાન કર્યું છે. પાર્ટીએ આંદોલનકારી ખેડૂતોને ફ્રી વાયફાય સેવા આપવાની જાહેરાત કરી હતી. હવે આમ આદમી પાર્ટી સિંધુ બોર્ડર પર ફ્રી વાયફાય હોટ સ્પોટ લગાવશે.

FIGHT CORONA
M. 90998 72551
સેનેટાઈઝ સર્વિસ
ફ્લેટ બંગલો ઓફીસ બિલ્ડીંગ
૫ લિટર સેનેટાઈઝર તથા ૫ N95 માસ્ક ફ્રી આપવામાં આવશે.
FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી
ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.

માસિક પુણ્યતિથિ નિમિત્તે
ભાવભીની શ્રદ્ધાંજલિ

સ્વ. જયાબેન ગુણવંતલાલ સોની
(સ્વર્ગવાસ તા. ૩૦/૧૧/૨૦૨૦)

ચંદન શું જીવન જીવીને સુખ સહુને આપી ગયા
ખુદ ઘસાઈને અમ પરિવાર કાજે સૌરભ થઈ પ્રસરી ગયા
જીવન એવું જીવી ગયા કે કદી ભુલાય નહીં
વિદાય એવી લીધી કે ક્યારેય વિસરાય નહીં...
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી અંતઃકરણપૂર્વક પ્રાર્થના

ગુણવંત એમ. સોની
(ઉપપ્રમુખ, શ્રી સાંઈકૃપા સેવા ટ્રસ્ટ)

હિમાંશુ જી. સોની
નરેન્દ્ર એમ. શાહ
(ડિરેક્ટર, ગાંધીનગર નાગરિક કો.ઓ. બેંક)
(પ્રમુખ, શ્રી સાંઈકૃપા સેવા ટ્રસ્ટ)
રાજેશ એસ. ભટ્ટ
(ઉપપ્રમુખ, વસાહત મંડળ, સેક્ટર-૩)
જશુભાઈ એન. શાહ
(શ્રી સાંઈકૃપા સેવા ટ્રસ્ટ)

રાજેન જી. સોની
વિક્રમ કે. પટેલ
(ચેરમેન, ગાંધીનગર નાગરિક કો.ઓ. બેંક)
(ટ્રસ્ટી, શ્રી સાંઈકૃપા સેવા ટ્રસ્ટ)
ધર્મેન્દ્ર એસ. મહેતા
(માધ્યમિક શિક્ષણ બોર્ડ)
કમુબેન ભરવાડ
મોહન સાળુંકે

સમસ્ત મણીલાલ સાંકળચંદ સોની પરિવારના જયશ્રી કૃષ્ણ